# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,
# રેફરન્સ (આઈ.ટી..) નં.૧૯/૨૦૦૬

## આંક–૫૧ ની અરજીનો હુકમ

આ કામના બીજા પક્ષકાર સંબંધિત કામદાર સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલનાએ રેફરન્સ દાખલ કરેલ. બીજા પક્ષકારના વિધવા પત્ની ગં.સ્વ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલે હાલની અરજી આપી તેઓના પતિ સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલ તરફથી આ રેફરન્સ તેઓ ગુજરાત રાજય વન વિકાસ નિગમ લી., મે. વનીલ ઉધ્યોગ, નવતાડમાં પોતાની ફરજ ખંત અને પ્રમાણિકતાથી ઘણા વર્ષોથી બજાવતા હતા. તે દરમ્યાન તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતના કારણ વિના અચાનક તા.૩/૨/૦૫ ના રોજથી છુટા કરેલ. જે ટર્મીનેશન વિરુધ્ધ હાલનો રેફરન્સ કરેલ, જે હાલમાં પેન્ડીગ છે. પરંતુ ચાલુ કેસ દરમ્યાન તેઓ સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલ આકસ્મિક રીતે તા.૩૧/૧/૨૧ ના રોજ મૃત્યુ પામેલ છે. ચાલુ રેફરન્સે બીજા પક્ષકાર સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલનું અવસાન થતા અરજીમાં જણાવેલ તેમના કાયદેસરના વારસદાર છે. તેઓને સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માટે ન્યાય નિર્ણય કરવા માટે સંબંધિત કામદારના કાયદેસરના વારસદાર તરીકે આ રેફરન્સમાં પક્ષકાર તરીકે જોડવા હુકમ કરવા હાલની અરજી કરેલ છે.

| ક્રમ | વારસદારનું નામ | સંબંધ | ઉંમર |
|---|---|---|---|
| ૧ | ગં.સ્વ.લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ | પત્ની | ૬૨ વર્ષ |
| ૨ | પ્રકાશભાઈ ઈશ્વરભાઈ પટેલ | પુત્ર | ૪૩ વર્ષ |
| ૩ | ધનુબેન ઈશ્વરભાઈ પટેલ | પુત્રી | ૪૦ વર્ષ |
| ૪ | મીનાક્ષીબેન ઈશ્વરભાઈ પટેલ | પુત્રી | ૩૮ વર્ષ |

સરનામું :– મુ.પો. ખાંભલા, પોષ્ટ ફળીયું, તા. વાંસદા, જી.નવસારી.

બીજા પક્ષકાર તરફે આ અરજી સંબંધે આંક–પર થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જેમાં (૧) સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ, (ર) સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ, (૩) ગં.સ્વ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ તથા વારસદારોના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ તથા (૪) સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલના પેઢીનામાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે આંક–પ૩ થી વારસદાર જોડવાની અરજી સંબંધે લેખિત જવાબ રજુ કરી સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલ, ગં.સ્વ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલના પતિ હોવાની હકીકત તેઓએ પુરવાર કરવી જોઈએ. સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેમની ફરજ ખંત અને પ્રમાણિકતાથી ઘણા વર્ષોથી બજાવતા હોવાની અને તે દરમ્યાન તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતના કારણ વિના અચાનક તા.૩/ર/૦પ ના રોજથી છુટા કરેલ હોવાની તમામ હકીકત ખોટી છે અને કબૂલ નથી. સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલનો રેફરન્સ (આઈ.ટી.)નં.૧૯/૦૬ પેન્ડીંગ હોવા બાબત તકરાર નથી. પરંતુ સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલનું આકસ્મિક રીતે તા.૩૧/૧/ર૧ ના રોજ મૃત્યુ થયેલ હોવાની અને ચાલુ રેફરન્સે અવસાન થયેલ હોવાની હકીકત બીજા પક્ષકારે પુરવાર કરવી જોઈએ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલના કાયદેસરના વારસદાર હોવાની હકીકત સાધનિક પુરાવાઓથી પુરવાર કરવી જોઈએ. અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજોથી અરજીમાં જણાવેલ વારસદારો ગુજરનારના વારસદારો હોવાનું પુરવાર થતું નથી. અરજી કાયદામાં જણાવેલ સમયમર્યાદામાં દાખલ કરેલ ન હોઈ ટકી શકતી નથી. ઉપરોકત હકીકતે બીજા પક્ષકારની અરજીમાં જણાવેલ વારસદાર કાયદાની જોગવાઈ જોતાં

જોડી શકાય નહી. આથી સદરહુ અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત રજુઆતો તથા હકીકતે તેમજ રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતા બીજા પક્ષકાર સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલ ગુજરી જતા અરજીમાં જણાવેલ તેઓના સીધી લીટીના વારસદાર આ કામના જરૂરી પક્ષકાર હોય તેમને વારસ તરીકે જોડવાનો હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવો મારો અભિપ્રાય હોય કેસની હકીકતો જોતા તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા ઉપરોકત હકીકતે કરેલી તમામ ચર્ચા અન્વયે અરજીમાં જણાવેલ સ્વ. ઈશ્વરભાઈ બહાદુરભાઈ પટેલની સીધી લીટીના કાયદેસર વારસદાર (૧)ગં.સ્વ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ (પત્ની), (૨) પ્રકાશભાઈ ઈશ્વરભાઈ પટેલ (પુત્ર), (૩) ધનુબેન ઈશ્વરભાઈ પટેલ(પુત્રી) તથા (૪) મીનાક્ષીબેન ઈશ્વરભાઈ પટેલ(પુત્રી) ને બીજા પક્ષકાર તરીકે આ કેસના ન્યાય નિર્ણય સારું નેસેસરી એન્ડ પ્રોપર પક્ષકાર હોઈ, ખામીનો બાધ ન રહે તે હેતુથી આ કેસના ન્યાય નિર્ણયમાં જરૂરી, યોગ્ય અને મહત્વના પક્ષકાર માની તેઓના પક્ષકાર તરીકે જોડવાની અરજી સંબંધે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: <u>હુકમ</u> :–

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલની અરજીમાં જણાવેલ વારસદારોને રેફરન્સના બીજા પક્ષકાર તરીકે જોડવા હુકમ કરવામાં આવે છે અને આ અંગેનો જરૂરી સુધારો કરવા હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : સુરત.**
**તારીખ : ૦૭/૦૩/૨૦૨૫.**

**(એચ.એ. શાહ)**
**જી.જે. ૦૦૫૫૦**
**સભ્ય,**
**ઔધોગિક અદાલત, સુરત.**